કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને પોષ્ટ મેટ્રિક અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કુડબીલની સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૧૦૧૩/ ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૬/૮/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧-૩-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ સશપ- ૧૫૨૦૦૭-ન.બા.૧૫- ગ

(૨) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના તા.૧૩-૧૧-૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧-૧-૨૦૧૩-૧૪- ૫૫૫૩- ૫૪.

ઠ રા વ

કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને પોસ્ટ મેટ્રિક અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કુડ બીલની સહાય આપવાની યોજના રાજય સરકાર ધ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે. પ્રવર્તમાન ભાવ વધારાને કારણે અને ખાનગી ભોજનાલયોમાં કુડબીલના દરોમાં વધારો થયેલ હોઇ આ સહાયનો દર વધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહી અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વંચાણે લીધા (૧) માં જણાવેલ તા.૩૧-૩-૨૦૦૮ ના ઠરાવથી આપવામાં આવતી સહાય રૂ.૬૦૦/- (અંકે રુપિયા છસ્સો પુરા) ના બદલે રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) ચૂકવવાનું ઠરાવવામાં આવે છે. અને આ માટેની રૂ.૮૦.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવા વંચાણે લીધા (૨)ના પત્રથી નિયામકશ્રી(અજાક) દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે, જેને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે. અને હાલની વાર્ષિક આવક મર્યાદા રૂ.૧.૦૦ લાખ છે તે વધારી ભારત સરકારની પોષ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના મુજબ રૂ.૨.૫૦ લાખ કરવામાં આવે છે.

શરતોઃ

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૫- (આયોજન બહાર) અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુ.જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ – અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭- શિક્ષણ, પેટા સદર- (૭) – બીસીકે-૧૦- કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને પોસ્ટ મેટ્રિક અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને ફૂડબીલમાં સહાય માંથી માંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સેકશન અધિકારશ્રી(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ., વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સહ.
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
પસંદગી ફાઇલ.